


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 115
Dt.: 01-03-2026, Sunday
Page:04
Rs.00.50 paisa


### આજુબાજુના ખેતરોમાં ઉછળીને પડી લાશો

# આંધ્ર પ્રદેશઃ કાકિનાડામાં ફટાકડાની ફેક્ટરીમાં ભીષણ આગઃ ૨૦ના મોત

### ભીષણ આગની ઘટના સમયે અનેક મજૂર ત્યાં કામ કરતા હતા, જેમાંથી મોટાભાગની મહિલાઓ હોવાનું કહેવાય છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરાવતી

આંધ્ર પ્રદેશના કાકિનાડા જિલ્લામાં આજે સૂર્યા શ્રી ફાયર વર્ક્સ નામની ફટાકડા બનાવવાની ફેક્ટરીમાં ભીષણ આગ લાગતા ૧૮ લોકોના મોત થયા છે. જિલ્લા કલેક્ટર એન્ડ મેજિસ્ટ્રિટ સમગિલિ શન મોહને તેની પુષ્ટિ કરી છે. ઘટના સમયે ફેક્ટરીમાં અનેક મજૂરો કામ કરતા હતા અને મોટાભાગની મહિલાઓ હોવાનું કહેવાય છે. આ વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે મૃતદેહો આજુબાજુના ખેતરોમાં પડ્યા. અનેક લોકો આ અકસ્માતમાં ઘાયલ પણ થયા છે. જેમાથી કેટલાકની સ્થિતિ ગંભીર છે. જેમને નજીકની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે. એવું કહેવાય છે કે ફટાકડા બનાવતી વખતે મોટો ધડાકો થયો અને પછી આગ લાગી. મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ આ અંગે જાણકારી માંગી છે અને તેમણે આ દુર્ઘટનાનો ભોગ બનેલા લોકો માટે દુખ વ્યક્ત કર્યું છે. તેમણે મંત્રીઓ અને સીનિયર અધિકારીઓને તરત ઘટનાસ્થળે પહોંચવાના પણ આદેશ આપ્યા. ત્યાં ચાલે રહેલા બચાવ અને રાહત કાર્યોની પણ સમીક્ષા કરી. અધિકારીઓના જણાવ્યાં મુજબ આ ધડાકો વેતલાપલેમમાં આવેલી એક ફટાકડા બનાવતી ફેક્ટરીમાં થયો. ધડાકા વખતે ૨૦થી વધુ મજૂરો કામ કરતા હતા. ફટાકડા બનાવતી વખતે જ ધડાકો થયો જેના કારણે આગ લાગી.

સ્થાનિક લોકોના જણાવ્યાં મુજબ આ વિસ્ફોટ બપોરે ૨ વાગ્યાની આસપાસ થયો હતો. ધડાકો એટલો ભીષણ હતો કે તેનો અવાજ ૫ કિમી દૂર સુધી સંભળાયો હતો. ત્યારબાદ ગ્રામીણો ત્યાં પહોંચ્યા અને ઘાયલોને હોસ્પિટલ ખસેડવાનું શરૂ કર્યું હતું.

પોલીસ અધિકારીએ જણાવ્યું કે ધડાકાના કારણે લાશો આજુબાજુના ખેતરોમાં ઉછળીને પડી. મંજર ખુબ જ ડરામણો હતો. પોલીસે નજીકના ખેતરોમાં વિખરાયેલા શરીરના ભાગોની ભાળ માટે ડ્રોન તૈનાત કર્યા છે. રાજ્યના ગૃહમંત્રી વંગાલપુડી અનીતાએ મૃતકોની સંખ્યા વધી શકે તેવી આશંકા વ્યક્ત કરી છે. કારણ કે કેટલાક ઘાયલોની હાલત ખુબ ગંભીર છે.



### ઈઝરાયલ, અમેરિકાનો ઈરાન પર હુમલો

# ગલ્ફના દેશોમાં ફસાયેલા ભારતીયો માટે એડવાઈઝરી, ઈમરજન્સી નંબર પણ જાહેર

### ઈરાન, ઈરાક, ઈઝરાયલ, સાઉદી અરેબિયા અને UAE સહિતના દેશોમાં રહેતા ભારતીયો માટે એડવાઈઝરી જારી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ટેન્શનની સ્થિતિ દેખાતી હતી. યુદ્ધના ભણકારા વાગી રહ્યા હતા ત્યારે ઈઝરાયલના સંરક્ષણ મંત્રીએ આપેલી માહિતી અનુસાર ઈરાનની રાજધાની તહેરાન સહિત અનેક વિસ્તારોમાં ઈઝરાયલી સેના દ્વારા મોટો હુમલો કરી દેવામાં આવ્યો છે. આ હુમલાને પગલે ભારત સહિતના સહિત વિશ્વના અનેક દેશોએ પોતાના નાગરિકો માટે એડવાઈઝરી જાહેર કરી છે. ભારતે ઈરાન, ઈરાક, ઈઝરાયલ, સાઉદી અરેબિયા અને UAE સહિતના યુદ્ધગ્રસ્ત દેશોમાં રહેતા ભારતીયો માટે એડવાઈઝરી જાહેર કરી છે.

ઈરાન-ઈઝરાયલ યુદ્ધ વચ્ચે ગલ્ફના દેશોમાં ફસાયેલા ભારતીયો માટે એડવાઈઝરી જાહેર કરી છે. આ સાથે ઈમરજન્સી નંબર પણ જાહેર કરાયા છે. ઈઝરાયલમાં વર્તમાન સુરક્ષા સ્થિતિને ધ્યાનમાં રાખીને ભારત સરકારે ત્યાં રહેતા તમામ ભારતીય નાગરિકો માટે મહત્ત્વની એડવાઈઝરી જાહેર કરી છે. નાગરિકોને સાવધાની રાખવા, હંમેશા સતર્ક રહેવા અને સ્થાનિક સત્તાવાળાઓ તેમજ 'હોમ ફ્રન્ટ કમાન્ડ' દ્વારા આપવામાં આવતી સુરક્ષા માર્ગદર્શિકાનું કડક પાલન કરવા જણાવાયું છે.

આ ઉપરાંત ભારતીય નાગરિકોને બિનજરૂરી મુસાફરી ટાળવા, નિયુક્ત આશ્રયસ્થાનોની નજીક રહેવા અને સ્થાનિક સમાચાર તથા કટોકટીની ચેતવણીઓ પર સતત નજર રાખવાનું જણાવાયું છે. કોઈપણ કટોકટીના સમયે મદદ માટે તેલ અવીવ સ્થિત ભારતીય દૂતાવાસનો ૨૪૮૭ હેલ્પલાઈન નંબર +૯૭૨-૫૪-૭૫૨૦૭૧૧ અથવા ઈ-મેલ cons1.telaviv@mea.gov.in દ્વારા સંપર્ક કરી શકાય છે.

ઈઝરાયલમાં રહેતા ભારતીય નાગરિકો કે જેમણે હજુ સુધી દૂતાવાસમાં નોંધણી કરાવી નથી, તેમને નીચેની લિંકનો ઉપયોગ કરીને નોંધણી કરાવવા વિનંતી છેઃ https://indembassyisrael.gov.in/indian_national_reg નોંધણી કરવાથી દૂતાવાસ તાત્કાલિક તમારો સંપર્ક કરી શકશે અને પરિસ્થિતિના વિકાસ દરમિયાન જરૂરી અપડેટ્સ અને સહાય પૂરી પાડી શકશે.

ભારત સરકારે અગાઉ જ સુરક્ષાની સ્થિતિને ધ્યાનમાં રાખીને સાવચેતી વર્તવા જણાવ્યું હતું. હવે બ્રિટન, ફ્રાન્સ, ઈટાલી અને જર્મની જેવા યુરોપિયન દેશોએ પણ પોતાના નાગરિકોને આ પ્રભાવિત વિસ્તારોની મુસાફરી ટાળવા અથવા ત્યાંથી તાત્કાલિક નીકળી જવા તાકીદ કરી છે. સરકારએ ચેતવણી આપી છે કે સ્થિતિ બગડતા ફ્લાઈટ કેન્સલ થઈ શકે છે અથવા એરસ્પેસ લાંબા સમય સુધી બંધ રહી શકે છે.

બ્રિટિશ સરકારે ઈરાનમાંથી પોતાના સ્ટાફને કામચલાઉ ધોરણે પાછો બોલાવી લીધો છે અને દૂતાવાસ રિમોટલી કામ કરશે તેવી જાહેરાત કરી છે. ફ્રાન્સે પણ ઈઝરાયલ, જેરૂસલેમ અને વેસ્ટ બેંકની મુસાફરી ન કરવા સલાહ આપી છે. ઈટાલીએ પ્રવાસી તરીકે ઈરાન ગયેલા પોતાના નાગરિકોને પરત ફરવા વિનંતી કરી છે અને ઈરાક તથા લેબનોન જવાની પણ સખત મનાઈ કરી છે.

પોલેન્ડ અને ડચ વિદેશ મંત્રાલયે પણ પશ્ચિમ એશિયામાં સુરક્ષાની અસ્થિર સ્થિતિને જોતાં ઈઝરાયલ, ગાઝા અને લેબનોન છોડવા આદેશ આપ્યો છે. આ ઉપરાંત સ્વીડન, ફિનલૅન્ડ, સર્બિયા અને સાયપ્રસે પણ ઈરાન અને ઈઝરાયલ માટે ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરી છે.

### ઈરાનમાં સત્તા પરિવર્તન કરવાનો ઈઝરાયલનો ટાર્ગેટઃ NITI આયોગના પૂર્વ CEOનું મોટું નિવેદન

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

નીતિ આયોગના પૂર્વ સીઈઓ અમિતાભ કાંતે મિડલ ઈસ્ટમાં સર્જાયેલી યુદ્ધની સ્થિતિ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. આ અંગે તેમણે જણાવ્યું છે કે, ઈરાન અને અમેરિકા વચ્ચેના આ સંઘર્ષને કારણે વિશ્વમાં તેલનું ઉત્પાદન ઠપ થઈ શકે છે. તેમના મતે, જો આ યુદ્ધ લાંબુ ચાલશે તો ગ્લોબલ સપ્લાય ચેઈન ખોરવાઈ જશે અને તેલના ભાવમાં મોટો ઉછાળો જોવા મળી શકે છે, જેની સીધી અસર ઊર્જા પર નિર્ભર દેશો પર પડશે. અમિતાભ કાંતે વધુમાં જણાવ્યું કે અમેરિકા આ ક્ષેત્રમાં એક એવી કડક વ્યવસ્થા સ્થાપવા માંગે છે જે વૈશ્વિક સ્તરે પ્રભુત્વ ધરાવતી હોય. ઈરાન પર થયેલા હુમલા અંગે વિશ્લેષણ કરતા અમિતાભ કાંતે જણાવ્યું કે, આ ઈઝરાયલ અને અમેરિકાનું એક સંયુક્ત સૈન્ય અભિયાન છે. ઈઝરાયલ છેલ્લા ઘણા મહિનાઓથી આ પ્રકારના હુમલાની તૈયારી કરી રહ્યું હતું અને તેમનો મુખ્ય હેતુ ઈરાનમાં સત્તા પરિવર્તન લાવવાનો છે. આ પ્રકારની સ્થિતિ આવનારા સમયમાં વિશ્વ માટે અત્યંત ગંભીર સાબિત થઈ શકે છે, કારણ કે યુરોપમાં છેલ્લા ચાર વર્ષથી ચાલી રહેલા યુદ્ધ બાદ હવે મિડલ ઈસ્ટમાં આ નવો મોરચો ખુલ્યો છે. આ ઉપરાંત ભારતના અર્થતંત્રના સંદર્ભમાં વાત કરતા તેમણે હકારાત્મક અભિગમ દાખવ્યો હતો. તેમણે નોંધ્યું કે અત્યાર સુધી ભારતની વૃદ્ધિ મુખ્યત્વે સર્વિસ સેક્ટર પર આધારિત રહી છે, પરંતુ હવે દેશ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે ઝડપથી આગળ વધી રહ્યો છે.

### DyCM સુનેત્રા પવારને પણ રાહત

# ૨૫૦૦૦ કરોડના કૌભાંડ મામલે દિવંગત અજિત પવારને ક્લીનચીટ

### કોર્ટે મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખા દ્વારા રજૂ કરવામાં આવેલી તપાસ બંધ કરવાના રિપોર્ટને સ્વીકારી લીધો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રના રાજકારણમાંથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. સાંસદો અને ધારાસભ્યોના કેસની સુનાવણી કરતી સ્પેશિયલ કોર્ટે રૂ.૨૫,૦૦૦ કરોડના બેન્ક કૌભાંડ મામલે દિવંગત નેતા અજિત પવાર, તેમના પત્ની સુનેત્રા પવાર અને ભત્રીજા રોહિત પવારને મોટી રાહત આપી છે. કોર્ટે મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખા(EOW) દ્વારા રજૂ કરવામાં આવેલી તપાસ બંધ કરવાના રિપોર્ટને સ્વીકારી લીધો છે, જેનો અર્થ છે કે હવે આ નેતાઓને ક્લીનચીટ મળી ગઈ છે. આ કૌભાંડમાં અનેક દિગ્ગજ નેતાઓના નામ સામે આવ્યા હતા, પરંતુ લાંબી તપાસ બાદ કોર્ટે આ મામલે ફાઈલ બંધ કરવાની મંજૂરી આપી દીધી છે. બીજી તરફ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ED) અને સામાજિક કાર્યકર અન્ના હજારે દ્વારા આ તપાસ ચાલુ રાખવા માટે કરવામાં આવેલી અરજીઓને કોર્ટે ફગાવી દીધી છે. સ્પેશિયલ જજ મહેશ કે. જાધવે સ્પષ્ટ કર્યું હતું કે અગાઉ પણ આવી જ અરજીઓ નામંજૂર થઈ ચૂકી છે. સુપ્રીમ કોર્ટના નિયમ મુજબ, જો મૂળ ગુનામાં કોઈ પુરાવા ન મળે અને કેસ બંધ થઈ જાય, તો મની લોન્ડરિંગનો કેસ પણ આપોઆપ રદ થઈ જાય છે. આ કાયદાકીય જોગવાઈને કારણે હવે ઈડીના કેસનો મુખ્ય આધાર જ ખતમ થઈ ગયો છે, જે પવાર પરિવાર માટે કાયદાકીય રીતે મોટી જીત ગણાય છે. ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્રના પૂર્વ નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ એક દુર્ઘટનામાં અવસાન થયું હતું. મુંબઈથી બારામતી જઈ રહેલું તેમનું ચાર્ટર્ડ પ્લેન લેન્ડિંગ વખતે ક્રેશ થયું હતું, જેમાં ૬૬ વર્ષીય અજિત પવાર સહિત પાંચ લોકોના મોત થયા હતા. દાયકાઓ સુધી મહારાષ્ટ્રના રાજકારણમાં સક્રિય રહેલા અજિત પવારના આકસ્મિક નિધન બાદ આ કાનૂની ચુકાદો આવ્યો છે. હાલમાં વિમાન દુર્ઘટનાના કારણો જાણવા માટે CID અને ઉડ્ડયન વિભાગ દ્વારા ઉચ્ચ સ્તરીય તપાસ ચાલી રહી છે.

# ત્રીજી માર્ચે અયોધ્યા રામ મંદિરમાં દર્શન પ્રતિબંધિત રહેશે

### ચંદ્રગ્રહણને કારણે અયોધ્યા રામ મંદિરના દરવાજા બંધ રહેશેઃ હોળીની સાંજે ચંદ્રગ્રહણ થઈ રહ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અયોધ્યા

જો તમે રામનગરી અયોધ્યાની મુલાકાત લેવાનું વિચારી રહ્યા છો, તો આ સમાચાર તમારા માટે છે. ૩ માર્ચે અયોધ્યા રામ મંદિરમાં દર્શન પ્રતિબંધિત રહેશે. આ દિવસે મંદિરના દરવાજા બંધ રહેશે, તેથી અયોધ્યા જનારાઓને દર્શન વિના પાછા ફરવું પડી શકે છે. અયોધ્યા રામ મંદિર ઉપરાંત, બધા મંદિરો અને મઠોમાં દર્શન પ્રતિબંધિત રહેશે. ૩ માર્ચ, હોળીના દિવસે મંદિરના દરવાજા બંધ રહેશે. ચંદ્રગ્રહણને કારણે અયોધ્યા રામ મંદિરના દરવાજા બંધ રહેશે. હોળીની સાંજે ચંદ્રગ્રહણ થઈ રહ્યું છે. સૂતક કાળ ગ્રહણના નવ કલાક પહેલા શરૂ થશે. સુતક કાળ દરમિયાન મંદિરના દરવાજા બંધ રહેશે. અયોધ્યામાં રામ મંદિરની સાથે, હનુમાનગઢી, કનક ભવન અને દશરથ મહેલ સહિત તમામ મંદિરોના દરવાજા સૂતક સમયગાળા દરમિયાન બંધ રહેશે. જો તમે ૩ માર્ચે રામ લલ્લાના દર્શન કરવા અયોધ્યા જઈ રહ્યા છો, તો તમારો પ્લાન કેન્સલ કરો.

૩ માર્ચ, ૨૦૨૬, મંગળવાર, હોળીના દિવસે ચંદ્રગ્રહણ થશે. આ ગ્રહણ બપોરે ૩.૧૯થી ૬.૦૭ વાગ્યા સુધી ચાલશે. આ ગ્રહણ ભારતમાં દેખાશે. ગ્રહણના નવ કલાક પહેલા સૂતક કાળ શરૂ થશે. અહેવાલો અનુસાર, ૩ માર્ચે મંદિરના દરવાજા સવારે ૮ વાગ્યાથી રાત્રે ૮.૩૦ વાગ્યા સુધી બંધ રહેશે. સાંજના શયન આરતી માટે દરવાજા ખોલવામાં આવશે. આ પછી, ભક્તો ૪ માર્ચથી રામ લલ્લાના દર્શન કરી શકશે.




### જાણો ક્યારે થશે અને ભારતમાં દેખાશે કે નહીં?

# સદીનું સૌથી લાંબુ સૂર્યગ્રહણ, ૬ મિનિટ ૨૨ સેકન્ડ છવાશે અંધકાર!

### બીજું સૂર્યગ્રહણ ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ થશે, ૧૨ ઓગસ્ટે થનારું સૂર્યગ્રહણ ભારતમાં નહીં દેખાય

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આ વર્ષે હોળીના તહેવારને લઈને મૂંઝવણ ઊભી થઈ છે. સામાન્ય રીતે હોલિકા દહન પછીના દિવસે રંગોત્સવની ઉજવણી કરવામાં આવે છે.પરંતુ વર્ષ ૨૦૨૬માં ખગોળીય ઘટનાઓને કારણે આ પરંપરામાં ફેરફાર જોવા મળી રહ્યો છે. તેનું કારણ છે વર્ષનું પહેલું ચંદ્રગ્રહણ. જ્યોતિષશાસ્ત્ર અનુસાર, હોલિકા દહન ૨ માર્ચ, ૨૦૨૬ના રોજ થશે, પરંતુ બીજા જ દિવસે ૩ માર્ચે ચંદ્રગ્રહણ થઈ રહ્યું છે.

ગ્રહણને કારણે સૂતક કાળ હોવાથી આ દિવસે પૂજા અને રંગોત્સવની ઉજવણી ન કરવી, તેવું માનવામાં આવે છે. બીજી તરફ, સદીનું સૌથી લાંબુ સૂર્યગ્રહણને લઈને પણ જ્યોતિષીયોએ જાણકારી આપી છે.

પંચાંગ મુજબ, હોલિકા દહન ૨ માર્ચની રાત્રે થશે. બીજા દિવસે ચંદ્રગ્રહણ હોવાથી જ્યોતિષીઓ કહે છે કે, સૂતક સમયગાળા દરમિયાન રંગોથી રમવું યોગ્ય નથી. તેથી રંગોની હોળી ૪ માર્ચે ઉજવવામાં આવશે. સૂતક નિયમોનું પાલન કરીને ૩ માર્ચે પૂજા અને ધાર્મિક વિધિઓ ટાળવાની સલાહ આપવામાં આવે છે. મળતી માહિતી મુજબ, વર્ષ ૨૦૨૬માં બે સૂર્યગ્રહણ થવાના છે. જેમાંથી પહેલું ગ્રહણ ૧૭ ફેબ્રુઆરીએ થઈ ગયું છે. જ્યારે બીજું સૂર્યગ્રહણ ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ થશે. ૧૨ ઓગસ્ટે થનારું સૂર્યગ્રહણ ભારતમાં નહીં દેખાય. આ સૂર્યગ્રહણ મુખ્યત્વે યુરોપ, કેનેડા અને ગ્રીનલેન્ડમાં દેખાશે. એટલાં માટે તેનો સૂતક કાળ પણ દેશમાં માન્ય નહીં થાય અને કોઈપણ ધાર્મિક પ્રવૃત્તિ પર રોક નહીં રહે.

વર્ષના બીજા સૂર્યગ્રહણ વિશે સોશિયલ મીડિયા પર ફેલાતી અફવાઓ વચ્ચે નિષ્ણાતોએ સ્પષ્ટતા કરી છે કે "સદીનું સૌથી લાંબુ સૂર્યગ્રહણ" ૨૦૨૭માં થશે. ૨ ઓગસ્ટ, ૨૦૨૭ના રોજ થનારું આ ગ્રહણ ૨૧મી સદીનું સૌથી લાંબુ સૂર્યગ્રહણ હશે, જે લગભગ ૬ મિનિટ અને ૨૨ સેકન્ડ ચાલશે. આટલું લાંબુ ગ્રહણ ૨૧૧૪ વર્ષ સુધી ફરી નહીં થાય.

આ આંશિક સૂર્યગ્રહણ ભારતના આંદામાન અને નિકોબાર ટાપુઓ, આંધ્રપ્રદેશ, અરુણાચલ પ્રદેશ, આસામ, બિહાર, ચંદીગઢ, છત્તીસગઢ, દિલ્હી, ગોવા, ગુજરાત, હરિયાણા, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, ઝારખંડ, કર્ણાટક, કેરળ, લક્ષદ્વીપ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, ઓડિશા, પંજાબ, રાજસ્થાન, સિક્કિમ, તમિલનાડુ, તેલંગાણા, ત્રિપુરા, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને પશ્ચિમ બંગાળમાં પણ દેખાશે. તેથી ૨૦૨૭ના ગ્રહણ માટેનો સૂતક કાળ ભારતમાં માન્ય રહેશે. જેમાં દિવસ દરમિયાન અંધકારનો સમયગાળો રહેશે, જેના પરિણામે રાત્રિ જેવો નજારો જોવા મળશે.

# તંત્રી લેખ......

## કોંગ્રેસ ગઠબંધન અંગે ચિંતિત નથી

શિવસેના (યુબીટી) ના મુખપત્ર "સામના" ના સંપાદકીય અને ભૂતપૂર્વ પીએમ મનમોહન સિંહના ભૂતપૂર્વ મીડિયા સલાહકાર સંજય બારુ અને ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન મણિશંકર ઐયરની ટિપ્પણીઓએ પહેલાથી જ વિપક્ષી પાર્ટી મોરચા, **INDIAN**માં તિરાડો છતી કરી દીધી હતી. એઆઇ કોન્ફરન્સમાં યુવા કોંગ્રેસના અર્ધનગ્ન પ્રદર્શને કોંગ્રેસની દિશાહીનતા વધુ ખુલ્લી પાડી. કોંગ્રેસને દેશ પ્રત્યે કે વિપક્ષી એકતા પ્રત્યેની તેની જવાબદારીનો કોઈ ખ્યાલ નથી. લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસની સતત ત્રીજી નિરાશાજનક હાર છતાં, અન્ય વિપક્ષી પક્ષોએ રાહુલ ગાંધીને વિપક્ષના નેતા તરીકે સ્વીકારીને ઉદારતા દર્શાવી, પરંતુ કોંગ્રેસે ક્યારેય સંસદની અંદર અને બહાર અન્ય પક્ષોને સાથે રાખવાની પરિપક્વતા બતાવી નથી. રાહુલ ગાંધી અપેક્ષા રાખે છે કે અન્ય પક્ષો તેઓ જે પણ રણનીતિ નક્કી કરે તેનું વિશ્વાસપૂર્વક પાલન કરશે.

૨૦૨૪ની લોકસભા ચૂંટણીના લગભગ એક વર્ષ પહેલા ભાજપને હરાવવા માટે બે ડઝન વિપક્ષી પક્ષોને એક કરીને ઈન્ડિયાની રચના કરવામાં આવી હતી. બે સંપૂર્ણ બહુમતી મેળવ્યા પછી, ૨૪૦ બેઠકો પર ભાજપનો વિજય ગઠબંધન માટે સફળતા તરીકે જોવામાં આવ્યો હતો. જોકે, લોકસભા ચૂંટણીમાં ગઠબંધનના પક્ષમાં ખાસ પ્રગતિ જોવા મળી નથી. પક્ષો વચ્ચે વધતી જતી ખુલ્લી તિરાડો દર્શાવે છે કે તેમની મિત્રતા હોવા છતાં, પક્ષો વચ્ચે મતભેદો યથાવત છે.

સફળતાની વાત કરીએ તો, ઝારખંડ અને જમ્મુ અને કાશ્મીર વિધાનસભા ચૂંટણીઓ જીતી હતી, પરંતુ કોંગ્રેસ ત્યાં હાંસિયામાં ધકેલાઈ ગઈ છે. મહારાષ્ટ્ર, હરિયાણા, દિલ્હી અને બિહારમાં તેને હારનો સામનો કરવો પડ્યો. મહારાષ્ટ્ર અને બિહારમાં મળેલા પરાજયને શરમજનક ગણાવવો વધુ યોગ્ય રહેશે. મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓએ ગઠબંધનના સંબંધો સંપૂર્ણપણે તૂટી ગયા હોવાનું દર્શાવ્યું.

આ વર્ષે ચાર રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે, પરંતુ ઈન્ડિયામાં ગઠબંધન તરીકે કોઈ પણ પ્રવૃત્તિ તો દૂરની વાત, બહુ ઓછી પ્રવૃત્તિ થઈ છે. તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમો મમતા બેનર્જી **SIR** પર ચૂંટણી પંચ સાથે મતભેદમાં હોય તેવું લાગે છે. તમિલનાડુમાં, મુખ્યમંત્રી એમકે સ્ટાલિન અને તેમની પાર્ટી, **DMK,** ચૂંટણી પંચથી લઈને ભાજપ સુધી બધા સામે મોરચો ખોલી ચૂક્યા છે. બંગાળમાં, મમતા બેનર્જી એકલા માર્ગે છે. કોંગ્રેસ, જે ગઈ વખતે ડાબેરી મોરચા સાથે જોડાણ કરી હતી, તે હવે એકલા હાથે આગળ વધવા માંગે છે. કેરળમાં, મુખ્ય ચૂંટણી સ્પર્ધા શાસક ડાબેરી મોરચા અને કોંગ્રેસના નેતૃત્વ હેઠળના યુડીએફ વચ્ચે છે. તેથી, રાજ્યના રાજકારણમાં પરસ્પર સંકલન માટે કોઈ અવકાશ નથી, રાષ્ટ્રીય સ્તરે સમાન ગઠબંધનનો ભાગ હોવા છતાં,ઈન્ડિયાએ તમામ રાજકીય મુદ્દાઓ પર એક અવાજે બોલવું જોઈએ. તમિલનાડુમાં, ડીએમકે અને કોંગ્રેસ વચ્ચે લાંબા સમયથી ગઠબંધન છે, પરંતુ ત્યાં પણ, તિરાડો એટલી હદે ઉભરી આવી છે કે મણિકમ ટાગોર અને પ્રવીણ ચક્રવર્તી જેવા બીજા સ્તરના કોંગ્રેસ નેતાઓ ડીએમકેને નિશાન બનાવી રહ્યા છે, જેના કારણે ડીએમકે તેમની સામે કાર્યવાહીની માંગ કરી રહ્યું છે. ઘણી અટકળો પછી, ડીએમકે અને કોંગ્રેસ વચ્ચે હવે સીટ વહેંચણીની વાટાઘાટો ચાલી રહી છે. ઉત્તર પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીઓ ૨૦૨૭ માં યોજાવાની છે, પરંતુ ચાલી રહેલા એસઆઈઆરમાં કોંગ્રેસની ગેરહાજરી પણ સમાજવાદી પાર્ટી સાથેના તેના સંબંધોમાં તણાવનો સંકેત આપે છે. સામનાના તંત્રીલેખ, "આંતરિક અવાજોની મૂંઝવણ" માં, કોંગ્રેસ પક્ષને પૂછવામાં આવ્યું છેઃ મમતા બેનર્જી, સ્ટાલિન, અથવા કોઈ અન્ય. અનેક રાજ્યોમાં આગામી વિધાનસભા ચૂંટણીઓ પહેલાં ગઠબંધનને જાગવા અને સંવાદમાં જોડાવાની સલાહ આપતી વખતે, સંપાદકીયમાં મણિશંકર ઐયર, સંજય બારુ અને ભૂપેન બોરાની ટિપ્પણીઓને "આંતરિક અવાજોની મૂંઝવણ" તરીકે લેબલ કરવામાં આવી છે. બારુએ મમતા બેનર્જીને ઈન્ડિયનનું નેતૃત્વ આપવાનું સૂચન કર્યું છે, જ્યારે નેહરુ-ગાંધી પરિવારના નજીકના ગણાતા ઐયરને રાહુલ ગાંધીના નેતૃત્વ પર સવાલ ઉઠાવતા જોવામાં આવી રહ્યા છે. કેરળમાં, જ્યાં કોંગ્રેસ જીતવાની શક્યતા એકમાત્ર રાજ્ય છે, ઐયરે ડાબેરી મોરચા માટે સતત ત્રીજી જીતની આગાહી કરી છે અને મુખ્યમંત્રી વિજયનની પ્રશંસા કરી છે. તેઓ સ્ટાલિનને ઈન્ડિયનનું નેતૃત્વ કરવા માટે વધુ સારા ઉમેદવાર માને છે.

# વિક્લી માર્કેટ રિપોર્ટઃ સપ્તાહ દરમિયાન સોનાના વાયદામાં રૂ.૪૮૯૦ અને ચાંદીના વાયદામાં રૂ.૧૮૨૭૬નો ઉછાળોઃ ક્રૂડ તેલમાં રૂ.૫નો સીમિત ઘટાડો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૭૮૮૨૦.૭૫ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૪૧૮૪૮૭૩.૭૩ કરોડનું સાપ્તાહિક ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૧૬૨૩૪.૭૬ કરોડનાં સાપ્તાહિક કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૯૪૮૯ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર ૨૦થી ૨૬ ફેબ્રુઆરીના સપ્તાહ દરમિયાન વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૪૪૬૩૭૧૬.૨૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૭૮૮૨૦.૭૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૪૧૮૪૮૭૩.૭૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ માર્ચ વાયદો ૩૯૪૮૯ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ સાપ્તાહિક પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૫૧૦૫.૫૮ કરોડનું થયું હતું.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૧૬૨૩૪.૭૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૫૧૦૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૬૧૭૨૯ અને નીચામાં રૂ.૧૫૪૮૯૦ના મથાળે અથડાઈ, રૂ.૧૫૪૮૧૯ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૪૮૯૦ના ઉછાળા સાથે રૂ.૧૫૯૭૦૯ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૯૧૭ની તેજી સાથે રૂ.૧૩૦૦૫૮ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૩૪૦ વધી રૂ.૧૬૩૯૩ના ભાવે બોલાયો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૫૮૦ની વૃદ્ધિ સાથે રૂ.૧૫૭૫૮૮ થયો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૭૨૨૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૬૨૯૯૯ અને નીચામાં રૂ.૧૫૭૦૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૫૬૯૩૫ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૩૪૫૯ના ઉછાળા સાથે રૂ.૧૬૦૩૯૪ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૨૪૩૮૭૪ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૨૭૦૫૦૦ અને નીચામાં રૂ.૨૪૧૨૪૫ના સ્તરને સ્પર્શી, રૂ.૨૪૧૩૯૩ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૧૮૨૭૬ની તેજી સાથે રૂ.૨૫૯૬૬૯ના સ્તરે પહોંચ્યો હતો. સપ્તાહના અંતે કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૨૦૨૪૯ ઊછળી રૂ.૨૭૧૫૬૭ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ




વાયદો રૂ.૨૦૦૩૩ ઊછળી સપ્તાહના અંતે રૂ.૨૭૧૫૯૦ થયો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.૩૫૦૯૮.૩૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સપ્તાહના અંતે કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.૨૦.૨૫ વધી રૂ.૧૨૦૭.૩ના સ્તરે પહોંચ્યો હતો. જસત માર્ચ વાયદો રૂ.૨.૭ વધી રૂ.૩૨૬.૯૫ના ભાવે સપ્તાહના અંતે બંધ થયો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો સપ્તાહના અંતે રૂ.૧.૦૫ વધી રૂ.૩૧૨.૧ના ભાવે બોલાયો હતો. સીસું માર્ચ વાયદો ૫૫ પૈસા વધી સપ્તાહના અંતે રૂ.૧૮૯.૪૫ના ભાવે બંધ થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૨૭૪૦૮.૪૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે એમડબલ્યુએચદીઠ રૂ.૩૬૭૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૪૦૯૨ અને નીચામાં રૂ.૩૬૪૧ના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે રૂ.૩૧૬ વધી રૂ.૪૦૦૪ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૬૦૭૮ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૧૩૪ અને નીચામાં રૂ.૫૮૦૧ના સ્તરને સ્પર્શી, રૂ.૬૦૫૮ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૫ ઘટી રૂ.૬૦૫૩ના ભાવે બંધ થયો હતો. ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.૭ ઘટી સપ્તાહના અંતે રૂ.૬૦૫૩ થયો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો સપ્તાહના અંતે એમએમબીટીયુદીઠ રૂ.૧૪.૩ ઘટી રૂ.૨૫૭.૧ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો રૂ.૧૪.૨ ઘટી સપ્તાહના અંતે રૂ.૨૫૭.૨ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૯૬૮.૫ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૪.૧ ઘટી રૂ.૯૫૬.૨ થયો હતો. એલચી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૨૫૫૩ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૨૯ ઘટી રૂ.૨૫૨૪ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૧૭૪૦૩.૨૫ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૯૮૮૩૧.૫૧ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ.૨૯૯૩૪.૯૩ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૨૩૩૯.૯૩ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૨૪૯.૦૨ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૨૫૭૪.૪૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૧૬૮.૨૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૧૦૪૫૭.૩૯ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૧૬૭૮૨.૮૦ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૩.૦૭ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે સોનાના વાયદાઓમાં ૭૭૬૪ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૩૨૨૩૮ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૫૨૮૫ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૦૧૯૧૫ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૮૯૫૮ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૩૩૬૬ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૩૪૮૧ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૪૪૫૧૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૩૬૯ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૪૯૭૨ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૬૪૭૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ માર્ચ વાયદો ૩૯૯૦૧ પોઈન્ટના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં ૪૦૨૭૭ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૯૨૫૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે ૫૨૮ પોઈન્ટ વધી ૩૯૪૮૯ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

### માહિતી અને પ્રસારણ સચિવ ડૉ. વિક્રાંત પાંડેની અધ્યક્ષતામાં અધિક માહિતી નિયામક શ્રી અરવિંદ પટેલનો વય નિવૃત્તિ કાર્યક્રમ યોજાયો

# અધિક માહિતી નિયામક શ્રી અરવિંદ પટેલની ૩૪ વર્ષની સેવાની નિવૃત્તિઃ સિદ્ધિ અને સમર્પણનો કાર્યકાળ

માહિતી અને પ્રસારણ સચિવ ડૉ. વિક્રાંત પાંડેની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે અધિક માહિતી નિયામક શ્રી અરવિંદ પટેલનો વય નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે માહિતી કમિશનર શ્રી કે.એલ.બચાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.




નિવૃત્ત થઈ રહેલા શ્રી અરવિંદ પટેલની સેવાઓને બિરદાવતા માહિતી અને પ્રસારણ સચિવ ડૉ. વિક્રાંત પાંડેએ જણાવ્યું હતું કે, શ્રી અરવિંદ પટેલ અત્યંત કર્મઠ,બુદ્ધિશાળી અને ધૈર્યવાન વ્યક્તિત્વ છે. મીડિયા અને જનસંપર્ક જેવા પડકારજનક ક્ષેત્રમાં તેમણે અત્યંત સૂઝબૂઝથી કાર્ય કર્યું છે.અધિક માહિતી નિયામક શ્રી અરવિંદ પટેલની ૩૪ વર્ષની સેવાની નિવૃત્તિએ સિદ્ધિ અને સમર્પણનો કાર્યકાળ રહ્યો છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, માહિતી વિભાગએ સરકારની કામગીરીને સમાજના અંતિમ વ્યક્તિ સુધી પહોંચાડતું અત્યંત સંવેદનશીલ અને મહત્વપૂર્ણ વિભાગ છે.

મર્યાદિત સંશાધનો અને સતત મીડિયાના સંપર્ક વચ્ચે સરકારનું સંકલન કરવાની તેમની પદ્ધતિ ખરેખર પ્રશંસનીય છે.

માહિતી કમિશનર શ્રી કે.એલ. બચાણીએ નિવૃત્ત જીવનની શુભેચ્છાઓ પાઠવતા કહ્યું હતું કે, જ્યારે પણ મીડિયા મેનેજમેન્ટ કે વહીવટી પ્રક્રિયાઓમાં જટિલ સ્થિતિ સર્જાતી હોય છે,એવા સમયે શ્રી અરવિંદ પટેલની સમયસૂચકતા અને ત્વરિત નિર્ણયશક્તિ હંમેશા માહિતી વિભાગના વહારે આવી છે. ૨૪ કલાક ફરજ માટેની તેમની તત્પરતા એ માહિતી ખાતાની કામગીરીને ગૌરવ અપાવ્યું છે. તેમની કાર્યસંસ્કૃતિ નવા અધિકારીઓ માટે દીવાદાંડી સમાન બની રહેશે તેવો કમિશનરશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીના અધિક જનસંપર્ક અધિકારી શ્રી વિવેક ત્રિવેદીએ શ્રી અરવિંદ પટેલના સાથેના અનુભવો વાગોળતા જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી કે મુખ્યમંત્રીશ્રીના મોટા કાર્યક્રમોમાં જ્યારે મીડિયા પ્લાનિંગના જટિલ પ્રશ્નો ઉભા થતા, ત્યારે શ્રી પટેલનું શાંત રહીને સચોટ સમાધાન લાવવાનું કૌશલ્ય 'ક્રાઈસિસ મેનેજમેન્ટ'નું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

આ સમારંભમાં સંયુક્ત માહિતી નિયામક શ્રી સંજય કચોટે સૌને આવકારી પોતાના અનુભવો તાજા કર્યા હતા અને ચારેય ઝોનના સંયુકત નિયામક સવશ્રી મિતેશ મોડાસિયા, જયેશ દવે, અરવિંદ મછાર, હેતલ દવેએ પ્રાસંગિક ઉદબોધનમાં પટેલ સર સાથેના એમની કામગીરીના અનુભવોનું ભાથું પીરસીને નિવૃત્તિ જીવનની શુભેચ્છાઓ આપી હતી. જ્યારે સમાચાર શાખાના નાયબ માહિતી નિયામક શ્રી દિલીપ ગજ્જરે આભાર વિધિ કરી હતી.

આ પ્રસંગે શ્રી પટેલ સાહેબના પરિવારજનો, માહિતી કમિશનરની કચેરી સહિત વિવિધ જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને પટેલ સાહેબને સુખમય નિવૃત્ત જીવનની શુભેચ્છાઓ પાઠવી હતી.

પ્રિન્સ ચાવલા

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

**STATEMENT ABOUT OWNERSHIP AND OTHER PARTICULARS**
**ABOUT NEWSPAPER "NAVSARJAN SANSKRUTI"**
**GUJARATI DAILY AS REQUIRED TO BE PUBLISHED**
**UNDER RULE 8 OF REGISTRATION OF NEWS PAPER.**
**(CENTRAL RULES 1856)**
**FORM - IV**
**(SEE RULE - 8)**

1. Place of Publication — **B/13,**Sneh Plaza Shopping Center, I.O.C. Road, **Chandkheda, Ahmedabad- 382 424,Gujarat, India.**
2. Periodicity of its publication — Gujarati Daily
3. Printer's name — **(1) JIGNESH RASHIKBHAI GAJJAR** **(2) DESAI RAHUL MAHESHBHAI** **(3) HARDIK MAHESHBHAI DESHI**
   Whether Citizen of India ? Yes
   Address — **(1)Vansh Corporation,** A/8, Shayona Golden **Estate,Shahibag,Ahmedabad-380004,Gujarat, India.** **(2)BhavaniOffset,BhatiyaNi Wadi,Opp.KalupurRailway Station,Kalupur,Ahmedabad-380002.Gujarat, India.** **(3)BhoomiOffset,BhatiyaNi Wadi,Opp.KalupurRailway Station,Kalupur,Ahmedabad-380002.Gujarat, India.**
4. Publisher's name — **RAGINI JIGNESHKUMAR VAGHELA** **F/102,**Tulsi Residency,Mansarover Road,IOC, **Chandkheda, Ahmedabad- 3802 424,Gujarat, India.**
5. Editor's name — **RAGINI JIGNESHKUMAR VAGHELA**
   Whether Citizen of India ? Yes
   Address — **F/102,**Tulsi Residency,Mansarover Road,IOC, **Chandkheda, Ahmedabad- 3802 424,Gujarat, India.**
6. Owners Names And Address — **RAGINI JIGNESHKUMAR VAGHELA** **F/102,**Tulsi Residency,Mansarover Road,IOC, **Chandkheda, Ahmedabad- 3802 424,Gujarat, India.**

I **RAGINI JIGNESHKUMAR VAGHELA** here by declare that particulars given above are true to the best of my knowledge and belief.

**Date : 01-03-2026**

**Ragini Jigneshkumar Vaghela**
**Singaturs of Publisher.**

### HPV રસીકરણના દેશવ્યાપી પ્રારંભ સમયે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિ

# મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલથી નિઃશુલ્ક HPV રસીકરણ મહાઅભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે રાજસ્થાનના અજમેરથી રાષ્ટ્રવ્યાપી **HPV** રસીકરણ અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો છે.જેના ભાગરૂપે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં સોલા સિવિલ હોસ્પિટલ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં રાજ્યવ્યાપી રસીકરણ મહાઅભિયાનનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો છે.



આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરિયાએ સંબોધન કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત ૨૦૦૭થી પોલિયો મુક્ત બન્યું છે અને હવે રસીકરણની પ્રક્રિયા વધુ સરળ અને અસરકારક બની છે. અગાઉ જે રોગો માટે વિદેશથી રસી મંગાવવી પડતી હતી, આજે ભારત સ્વદેશી રસી બનાવી વિશ્વને મદદ કરવાની ક્ષમતા કેળવી ચૂક્યું છે, જે 'આત્મનિર્ભર ભારત'નું પ્રતીક છે.

મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે, સરકારની પ્રાથમિકતા છે કે છેવાડાનો માનવી પણ દવા કે પૈસાના અભાવે મૃત્યુ ન પામે. આ માટે આયુષ્માન કાર્ડની સારવાર મર્યાદા રૂ. ૦૫ લાખથી વધારીને ૧૦ લાખ કરવામાં આવી છે. વધુમાં, શ્રી પાનસેરિયાએ અંધશ્રદ્ધા અને અફવાઓથી દૂર રહેવા અનુરોધ કરતા જણાવ્યું કે, આ રસી વૈજ્ઞાનિક પદ્ધતિથી અને ડોકટરોની દેખરેખ હેઠળ તૈયાર થયેલી છે. ખોરાકમાં ભેળસેળને કારણે કેન્સર જેવા રોગો વધી રહ્યા છે, ત્યારે 'પહેલું સુખ તે જાતે નર્યા'ના સૂત્રને સાર્થક કરવા અને આપણી દીકરીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે આ રસીકરણ અભિયાનમાં ભાગ લેવા તેમણે અનુરોધ કર્યો હતો.

ગુજરાત સરકાર દ્વારા સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ હેઠળ દર વર્ષે બાળકોના રસીકરણ પાછળ રૂ. ૨૪૦ કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ કરવામાં આવે છે અને હવે આ કડીમાં **HPV** રસીનો પણ સમાવેશ કરાયો છે. બજારમાં આ વેક્સિનના એક ડોઝની કિંમત અંદાજે ૩૦૦૦ રૂપિયા છે, પરંતુ રાજ્ય સરકાર દ્વારા ૧૫૦ કરોડ રૂ. રસીકરણ માટે ફાળવીને આ રસી તદ્દન વિનામૂલ્યે આપવાનો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે.

આ મહત્વકાંક્ષી અભિયાન અંતર્ગત ગર્ભાશયના મુખના કેન્સર એટલે કે સર્વાઈકલ કેન્સરની અટકાયત માટે ૧૪ વર્ષ પૂર્ણ કરેલી અને ૧૫મો જન્મદિવસ બાકી હોય તેવી રાજ્યની અંદાજે ૫.૫૦ લાખ કિશોરીઓને રસીકરણથી સુરક્ષિત કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. ભારતમાં મહિલાઓમાં નોંધાતા કુલ કેન્સરમાં સર્વાઈકલ કેન્સર બીજા સ્થાને છે, જેમાં મુખ્યત્વે **HPV-16** અને **HPV-18** પ્રકારના વાયરસ જવાબદાર છે.

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

### ચોરીનો માલ વહેંચે તે પહેલા જ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે ટોળકીને કરી જબ્બે

# સાબરકાંઠા જિલ્લાના તલોદ એન્ટીક એકસટુઝન ફેકટરીમાં થયેલ એલ્યુમિનિયમ ધાતુની ચોરીનો ભેદ ઉકેલાયો

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



સાબરકાંઠા જિલ્લાના તલોદ નજીક ગુલાબની મુવાડી ગામની સીમમાં આવેલ એન્ટીક એકસટુઝન ફેકટરીમાંથી એલ્યુમિનિયમ ધાતુના બંડલો ની ચોરી થઈ હતી. જેની ફરીયાદ જે તે સમયે તલોદ પોલીસ ચોપડે નોંધાઈ હતી.

આ ચોરીનો ભેદ ઉકેલવા જિલ્લા પોલીસવડા ડો. પાર્થરાજસિંહ ગોહિલ ના ઓએ આપેલ સુચનાને લઈ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ ડી સી સાકરીયાના માર્ગદર્શન હેઠળ સ્ટાફના માણસોએ ફેકટરીની આસ પાસના વિસ્તારોમાં સીસીટીવી કુટેજ ચેક કરવાની કામગીરી રહી રહ્યા હતા. તે દરમિયાન બાતમી મળી હતી કે એન્ટીક એકસટુઝન ફેકટરીમાં થયેલ ચોરીનો માલ વેચવા માટે કેટલાક ઈસમો જોરાજી મુવાડી ગામની સીમમાં લુણી નદીના કિનારે એલ્યુમિનિયમ ધાતુના બંડલો ભરેલ ડાલા સાથે ઉભા છે. મળેલ બાતમી આધારે જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ આર કે જોશી સહિતની ટીમે ઓચિંતો છાપો મારતા ૧૦ આરોપીઓમાંથી ૪ આરોપીઓ પોતાની બાઈક અને ડાલા સાથે ઝડપાઈ ગયા હતા. જેમાં આરોપી (૧) વિજય કૈલાશભાઈ ભરથરી રહે. હરસોલ ચોકડી તા. દહેગામ જી.ગાંધીનગર મુળ રહે. સિહોલી તા. હિંમતનગર (૨) પિન્ટુ વિરચંદ વાઘેલા રહે. હરસોલ ચોકડી તા.દહેગામ જી.ગાંધીનગર મુળ રહે. રમોસ (ઝાંઝરી) તા.બાયડ જી.અરવલ્લી (૩) સંજય મોતીભાઈ દેવીપુજક રહે. હરસોલ ચોકડી તા. દહેગામ (૪) અજય પ્રતાપ ભરથરી રહે. પેથાપુર વાકોલ ત્રણ જોડીયા તા.જી.ગાંધીનગર ચારેય આરોપીઓ પાસેથી એલ્યુમિનિયમના ધાતુના બંડલ કુલ નંગ ૩૭ કિંમત રૂપીયા ૩,૩૩,૭૫૦, અશોક લેલન બડા દોસ્ત ડાલુ જીજે ૧૮ બી. ડબલ્યુ ૧૨૮૫ કિંમત રૂપીયા ૩ લાખ, મોબાઈલ નંગ કિંમત રૂપીયા ૧૮ હજાર, મોટર સાયકલ ૨, એકટીવા ૧બંનેની મળી કુલ રૂપીયા ૮૦ હજાર મળી કુલ રૂપીયા ૭,૩૧, ૭૫૦ ના મુદ્દામાલ સાથે ચારેય આરોપીઓને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

તો અન્ય ફરાર થયેલા બાકીના ચાર ઈસમોમાં (૧) કિશન ગણપતભાઈ ભરથરી રહે. હરસોલ ચોકડી દહેગામ (૨) શની ગણપતભાઈ ભરથરી રહે. હરસોલ ચોકડી દહેગામ (૩) મનોજ મંગળભાઈ રાવળ રહે. હરસોલ ચોકડી દહેગામ (૪) સચીન ઉર્ફે સેંધો રમેશભાઈ ભરથરી રહે. પેથાપુર ગાંધીનગર (૫) સાહિલ ભરથરી રહે. વગદા (વડગામ) તા.પાલનપુર જી.બનાસકાંઠા (૬) રાજેશ મોતીભાઈ દેવીપુજક રહે. હરસોલ ચોકડી તા.દહેગામ જી.ગાંધીનગર નાઓને ઝડપી લેવાના પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

### માનનીય કેન્દ્રીય મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા અમદાવાદ રેલવે સ્ટેશન પુનર્વિકાસ કાર્યોની સમીક્ષા





માનનીય રેલ, સૂચના અને પ્રસારણ તથા ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવએ ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ અમદાવાદ રેલવે સ્ટેશનની મુલાકાત લઈને ચાલી રહેલા પુનર્વિકાસ કાર્યોની પ્રગતિની સમીક્ષા કરી. તેમણે સંબંધિત અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરીને કાર્યોની ગુણવત્તા અને સમયબદ્ધતા સુનિશ્ચિત કરવાના સૂચનો આપ્યા.

ભારતીય રેલ દેશભરમાં ૧૩૦૦થી વધુ સ્ટેશનોના સુધારણા અને આધુનિકીકરણના કાર્ય કરી રહી છે, જેમાં અમદાવાદ સ્ટેશન એક મુખ્ય પ્રોજેક્ટ છે. પ્રોજેક્ટ હેઠળ ત્રણ નવા પ્લેટફોર્મ જોડવામાં આવશે, જેના કારણે ટ્રેનોના સંચાલનની ક્ષમતામાં વૃદ્ધિ થશે. સ્ટેશનને કાલુપુર અને સરસપુર બન્ને તરફથી આધુનિક સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે અને તેને વિશ્વસ્તરીય મલ્ટીમોડલ ટ્રાન્સપોર્ટ હબ તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે.

સમીક્ષા દરમિયાન પ્રસ્તુત પ્રગતિ વિગત મુજબ, એમએમટીએચ (મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબ) ભવનના દક્ષિણ દિશાના નીચેના ભાગનું ૫૮.૨% કાર્ય પૂર્ણ થઈ ચૂક્યું છે, જ્યારે ઉપરના ભાગનું ૨૪.૦% કાર્ય પ્રગતિ પર છે. એમએમટીએચ ભવનની ૭મી અને ૮મી મંજિલ પર નિર્માણ કાર્ય હાલમાં ચાલી રહ્યું છે. પાર્સલ ભવન T—૬નું ૯૯.૦% કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. એલિવેટેડ રોડ પ્રોજેક્ટનું ૬૭.૩% કાર્ય પૂર્ણ છે અને પિયર સંખ્યા P-૧ થી P-૪૧ સુધીના તમામ નિર્માણ કાર્ય પૂર્ણ થઈ ચૂક્યા છે. સ્ટેશન ભવન (કોંકોર્સ અને મેઝેનાઈન/રૂફ ની સંરચના)નું ૨૦.૮% કાર્ય પૂર્ણ છે અને કોંકોર્સ સંરચના માટેની એરેક્શન પ્રક્રિયા પ્રગતિ પર છે.

પરિસરને વિશ્વસ્તરીય મલ્ટીમોડલ ટ્રાન્સપોર્ટ હબ તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે, જેમાં પર્યાપ્ત પાર્કિંગ, એલિવેટેડ રોડ સિસ્ટમ, સુસજ્જ પ્લાઝા, વિસ્તૃત કોંકોર્સ અને આધુનિક યાત્રી સુવિધાઓ ઉપલબ્ધ હશે. વારસાગત સંરચનાઓ—'ઈંટ મીનાર' અને 'ઝૂલતા મીનાર'—નું સંરક્ષણ પણ પ્રોજેક્ટનો અભિન્ન ભાગ છે. લગભગ ૧૫ એકર વિસ્તારમાં કોંકોર્સ પ્લાઝા અને ૭ એકર વિસ્તારમાં મેઝેનાઈન પ્લાઝા વિકસાવવામાં આવી રહ્યા છે, જ્યાં આધુનિક વેઈટિંગ એરિયા, સ્વચ્છ શૌચાલય, ફૂડ કોર્ટ અને વ્યાવસાયિક સુવિધાઓ ઉપલબ્ધ હશે. સ્ટેશનને હરિત ભવન તરીકે વિકસાવતા વખતે ઊર્જા કાર્યક્ષમતા, પાણી સંરક્ષણ અને નવિનીકૃત ઊર્જાને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. અદ્યતન મોનિટરિંગ સિસ્ટમ, સ્વચાલિત પાર્સલ મેનેજમેન્ટ અને દિવ્યાંગજ અનુકૂળ સુવિધાઓ પણ પ્રોજેક્ટનો મુખ્ય ભાગ છે.

પ્રમુખ નિર્માણ પ્રવૃત્તિઓની વર્તમાન સ્થિતિઃ

સંરચનાત્મક સ્ટીલ ફેબ્રિકેશન પાંચમી મંજિલ સુધી પૂર્ણ; છઠ્ઠી થી આઠમી મંજિલ સુધી લગભગ ૭૦% પૂર્ણ.

● સંરચનાત્મક એરેક્શન પાંચમી મંજિલ સુધી પૂર્ણ; છઠ્ઠી થી આઠમી મંજિલનું એરેક્શન કાર્ય પ્રગતિ પર.

ડેક સ્લેબ કાસ્ટિંગ ચોથી મંજિલ સુધી પૂર્ણ; પાંચમી મંજિલની સ્લેબ કાસ્ટિંગ લગભગ ૫૦% પૂર્ણ.

પાંચમી મંજિલ પર કૉલમ એક્રેસિંગ કાર્ય પ્રગતિ પર.

બેઝમેન્ટ અને ગ્રાઉન્ડ ફ્લોરમાં બ્લોક વર્ક અને પ્લાસ્ટર લગભગ ૮૫% પૂર્ણ; પ્રથમ માળ પર બ્લોક વર્ક પ્રગતિ પર.

પ્લેટફોર્મ સંખ્યા ૧૦ અને લાઈન સંખ્યા ૧૬ પર પ્લેટફોર્મ રીસર્ફેસિંગ, એમઈપીએફ (મેકેનિકલ, ઈલેક્ટ્રિકલ, પ્લમ્બિંગ અને ફાયર ફાઈટીંગ) તેમજ બીએલટી (બેલાસ્ટલેસ ટ્રેક) કાર્ય પૂર્ણ.

પ્લેટફોર્મ સંખ્યા ૯ અને લાઈન સંખ્યા ૧૫ પર બીએલટી (બેલાસ્ટલેસ ટ્રેક) કાર્ય પૂર્ણ; પ્લેટફોર્મ રીસર્ફેસિંગ કાર્ય પ્રગતિ પર.

આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી આધુનિક રેલવે અવસંરચના અને સંરક્ષિત વારસાગતના સંતુલિત સંયોજનનું ઉત્કૃષ્ટ ઉદાહરણ રજૂ થશે.

### જામનગર મહાનગરપાલિકાની ચૂંટણી સ્માર્ટ મીટર મુદ્દે લડાવી જોઈએઃ ઈસુદાન ગઢવી

# AAP નેતા ઈસુદાન ગઢવી, મનોજ સોરઠીયા અને પ્રવીણ રામે જામનગરના પ્રખ્યાત બાલા હનુમાન મંદિરના દર્શન કર્યા

### ખેડૂતોને ભાવ મળતા નથી, પૂરતા ખાતર-બિયારણ મળતા નથી, ટ્રેડ ડીલના કારણે નુકસાન થઈ રહ્યું છેઃ ઈસુદાન ગઢવી

અમદાવાદ/જામનગર/

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ મીડિયા સાથે વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે જામનગરમાં હનુમાનજીના દર્શન કરીને ખૂબ આધ્યાત્મિક અનુભૂતિ થઈ. આજની લડાઈ અસત્ય સામે સત્યની લડાઈ છે. અમે સામાન્ય પરિવારમાંથી ઉછરેલા યુવાનો છીએ અને ગુજરાતની તાનાશાહી સરકાર સામે બાથ ભીડીએ છીએ. અમારી ઉપર લાઠીચાર્જ થાય છે, કેસો થાય છે, લોકોને જેલમાં નાખવામાં આવે છે, છતાં અમે જનતાના હકો માટે લડવામાં કોઈ કચાશ રાખીશું નહીં. ભલે અમે કોઈ મોટા પદાધિકારીઓના દીકરા નથી અને અમારી પાસે વિશેષ સત્તા કે સંપત્તિ નથી, પરંતુ અમારું મનોબળ મજબૂત છે અને અમે તમારા હકો અને અધિકારો માટે સંઘર્ષ કરવા તૈયાર છીએ. તેમણે ભાજપ પર મોંઘવારી અને ભ્રષ્ટાચાર ચરમસીમાએ પહોંચાડવાનો આક્ષેપ કર્યો. ખેડૂતોએ યોગ્ય ભાવ નથી મળતા, મધ્યમ વર્ગ પીડાઈ રહ્યો છે અને સામાન્ય જનતા પરેશાન છે એવું જણાવ્યું. તેમણે ખાસ કરીને "સ્માર્ટ મીટર" મુદ્દે જનતાને સાવચેત રહેવા અપીલ કરી. તેમના કહેવા મુજબ જો જામનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપને મત આપવામાં આવશે તો ત્યારબાદ ઘરોમાં સ્માર્ટ મીટર લગાડવામાં આવશે અને વીજળીના બિલ વધવાની શક્યતા રહેશે. તેમણે મતદાતાઓને વિનંતી કરી કે ચૂંટણી દરમિયાન કોઈ પણ ઉમેદવાર આવે તો સ્માર્ટ મીટર બાબતે લખિતમાં ખાતરી માંગવી જોઈએ. ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું હતું કે અન્ય શહેરોમાં જેમ ડિમોલિશન થયાં છે, તેમ જામનગરમાં પણ તેવી પરિસ્થિતિ સર્જાઈ શકે છે, જો જનતા સાવચેત ન રહે. તેમણે અરવિંદ કેજરીવાલ, મનિષ સિસોદિયા અને અન્ય આગેવાનો સામે થયેલા કેસોને રાજકીય ષડયંત્ર ગણાવ્યા અને કહ્યું કે તેમની લોકપ્રિયતા વધતી હોવાથી તેમને ખોટા કેસોમાં ફસાવવામાં આવ્યા હતા. તેમ છતાં તેઓ નિર્દોષ સાબિત થયા છે અને જનતા વધુ મજબૂતીથી આમ આદમી પાર્ટી સાથે જોડાઈ રહી છે. હાલ જામનગરમાં દરરોજ મોટી સંખ્યામાં ટીમો ડોર-ટુ-ડોર અભિયાન ચલાવી રહી છે અને લોકોની સમસ્યાઓ જાણી રહી છે. આ ચૂંટણી સ્થાનિક મુદ્દાઓ પર લડવામાં આવશે. પાકિસ્તાન, અફઘાનિસ્તાન કે વિશ્વગુરુ જેવા મુદ્દાઓ નહીં, પરંતુ સ્થાનિક કોલેજો, ખેડૂતો, સિંચાઈ, ખાતર, વીજળી અને નગરની સમસ્યાઓ જેવા મુદ્દાઓ પ્રાથમિક રહેશે. તેમણે ખેડૂતો અંગે પણ ચિંતા વ્યક્ત કરી અને કહ્યું કે ખેડૂતોને પૂરતા ભાવ મળતા નથી, સિંચાઈની યોગ્ય વ્યવસ્થા નથી અને ખાતર સમયસર મળતું નથી. આવા તમામ મુદ્દાઓને લઈને જનતા સાથે સંવાદ કરવામાં આવી રહ્યો છે અને આવનારી ચૂંટણીમાં સ્થાનિક પ્રશ્નોને કેન્દ્રમાં રાખીને લડત આપવામાં આવશે. આમ આદમી પાર્ટીના સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે જામનગર ખાતે બાલા હનુમાનજી મંદિરે દર્શન કરીને ભગવાનના આશીર્વાદ પ્રાપ્ત કર્યા છે. હાલમાં ચાલી રહેલી "પરિવર્તન લાવો, કિસાન બચાવો, ગુજરાત બચાવો" યાત્રાનો આ પાંચમો દિવસ છે. આ યાત્રા સોમનાથ મંદિરથી પ્રારંભ થઈ હતી અને સતત ગુજરાતભરમાં આગળ વધી રહી છે. તેમણે જણાવ્યું કે ગુજરાતના ખેડુતો, યુવાનો અને ભાજપના શાસનથી પીડિત લોકો તરફથી આ યાત્રાને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. આ યાત્રા આઠમી તારીખે ગાંધીનગર પહોંચશે, જ્યાં વિશાળ ખેડૂત સંમેલન યોજવાનું આયોજન છે. મનોજ સોરઠીયાએ વધુમાં જણાવ્યું કે દારૂ કૌભાંડના નામે ખોટા કેસ કરીને અરવિંદ કેજરીવાલને ૭ મહિના જેલમાં રાખવામાં આવ્યા હતા તેમજ મનિષ સિસોદિયા સહિત અન્ય નેતાઓને પણ જેલમાં નાખવાના પ્રયાસો થયા હતા. તેમણે આ કાર્યવાહી રાજકીય ષડયંત્ર ગણાવી અને કહ્યું કે ન્યાયાલયે તમામ નેતાઓને નિર્દોષ જાહેર કર્યા છે. તેમના શબ્દોમાં, આ સત્ય અને ધર્મની જીત છે, કારણ કે સત્ય હંમેશા અંતે વિજયી બને છે. તેમણે ગર્વ વ્યક્ત કર્યો કે આમ આદમી પાર્ટી એક ઈમાનદાર પાર્ટી છે અને દેશને ભ્રષ્ટાચારમુક્ત વિકલ્પ આપવા માટે સંઘર્ષ કરી રહી છે. તેમણે જણાવ્યું કે અરવિંદ કેજરીવાલજી પર લગાવવામાં આવેલા આક્ષેપો ખોટા સાબિત થયા છે અને હવે પાર્ટી વધુ મજબૂતીથી આગળ વધશે. આગામી ત્રણ તારીખે આવનાર ગ્રહણના દિવસે ગુજરાતભરમાં આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ પોતાના ઘરે અને આસપાસના વિસ્તારોમાં હનુમાન ચાલીસાનો પાઠ કરશે. આ પાઠ દ્વારા સત્યની જીત બદલ ભગવાનનો આભાર વ્યક્ત કરવામાં આવશે અને દેશને "આસુરી શક્તિઓ"માંથી મુક્તિ મળે તેવી પ્રાર્થના કરવામાં આવશે. ગ્રહણના દિવસે ભગવાનનું નામ લેવાથી હજારો ગણું પુણ્ય મળે છે એવી માન્યતા સાથે વિશાળ સ્તરે હનુમાન ચાલીસાના પાઠનું આયોજન કરવામાં આવશે.

### સુરેન્દ્રનગર જિલ્લાના ચકચારી જમીન કૌભાંડમાં તત્કાલીન મામલતદાર સહિત ૩ સસ્પેન્ડ કરાયા

પ્રતિનિધિ,ગાંધીનગર



સુરેન્દ્રનગર જિલ્લાના જમીન એનએ કરવાના રૂપીયા ૧૫૦૦ કરોડ થી વધુના કૌભાંડનો ઈડી એ પર્દાફાશ કર્યો હતો. જેમાં કલેકટર રાજેન્દ્ર પટેલ અને ચંદ્રસિંહ મોરી વિરૂધ્ધ ગુન્હો દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસમાં તત્કાલીન સીટી મામલતદાર મયુર દવે, કલેકટર ના પીએ જયરાજસિંહ અને કલાર્ક મયુરસિંહ ના નામો પણ ઉછળ્યા હતા અને તેમની સામે પણ કાર્યવાહી થશે તેવી સ્પષ્ટ વાત હતી. ત્યારે વર્તમાન સમયે આ ત્રણેય કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં જમીન એન એ કરવા ખુલ્લેઆમ નાણાં લેવામાં આવતા હતા. વહિવટ કર્યા વગર એકપણ ફાઈલ આગળ ચાલતી ન હતી ત્યારે રૂપીયા ૧૫૦૦ કરોડ થી વધુના કટકી કાંડ નો ઈડી ની ટીમે પર્દાફાશ કરતા ખળભળાટ મચી જવા પામ્યો હતો. આ બાબતે ઈડી એ કલેકટર રાજેન્દ્રકુમાર પટેલ અને નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી વિરૂધ્ધ ગુન્હો દાખલ કર્યો હતો. આ કેસમાં તત્કાલીન મામલતદાર મયુર દવે, કલેકટર ના પીએ જયરાજસિંહ ઝાલા અને કલાર્ક મયુરસિંહ ના નામો પણ ઈડી ની તપાસમાં બહાર આવ્યા હતા. આથી મહેસુલ વિભાગ દ્વારા આ ત્રણેય કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. ત્યારે અધિક કલેકટર પી કે ઓઝા માથે પણ લટકતી તલવાર હોવાનુ માનવામાં આવી રહ્યુ છે. ઈડી એ આરોપીઓ વિરૂધ્ધ ૨૦૦ પાનાની ચાર્જશીટ રજુ કરી છે. જેમાં સુરેન્દ્રનગર કલેકટર કચેરીમાં કેવી રીતે એનએમાં કૌભાંડ થતુ હતુ, કોણ કેટલા રૂપીયા લેતુ હતુ તે વિગતોનો પુરાવા સાથે ખુલાસો કરાયો હોવાનુ મનાઈ રહ્યુ છે.

ઈડી ની તપાસમાં આરોપી તરીકે નામ આવ્યા હોય તો સસ્પેન્ડ કરવામાં આવે તેવી વહેતી થઈ હતી , ત્યારબાદ તપાસ થાય અને જો તપાસમાં દોષીત જણાય તો કર્મચારીઓને ટર્મીનેટ પણ કરવામાં આવી શકે છે. જો દોષીત ન જણાય તો ફરીથી સર્વિસમાં પાછા પણ લઈ શકે છે. હાલ સસ્પેન્ડ કરવાની કામગીરી સરકારના રેવન્યુ વિભાગે કરવાની હોય છે.

# મોડાસા ખાતે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં ડેરી માં નકલી દુધને લઈ કોંગ્રેસના આકરા પ્રહારોઃ નકલી દુધ કૌભાંડની નિષ્પક્ષ તપાસની ઉઠી માંગ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ચાલી રહેલા નકલી દુધના કારોબાર મુદ્દે ગઈ કાલે અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અરૂણ પટેલ અને સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રામભાઈ સોલંકીએ સંયુકત મળી મોડાસા ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજી ગંભીર આક્ષેપો કર્યા હતા.

પ્રેસ કોન્ફરન્સ યોજી કોંગ્રેસ આગેવાનોએ જણાવ્યુ હતુ કે અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં નકલી દુધનો કારોબાર ખુબ જ મોટાપાયે ચાલી રહ્યો હોવાની ચર્ચાઓ પ્રચલીત છે. કેટલાય સામાજિક આગેવાનો દ્વારા સોશીયલ મીડીયાના માધ્યમથી લોકોને જાગૃત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. છતાં જવાબદાર તંત્ર દ્વારા હજુ સુધી કોઈ કડક અને સ્પષ્ટ કાર્યવાહી જોવા મળી નથી. આ મામલે ખાસ કરીને સાબરડેરી દ્વારા સુચક મૌન ધારણ કરવામાં આવ્યુ હોવુ નવાઈજનક અને શંકાસ્પદ હોવાનુ જણાવ્યુ હતું. પશુપાલકો અને ગ્રાહકો બંનેના હિતોને અસર કરતી આ ગંભીર બાબતમાં સંબંધીત સંસ્થાઓ અને તંત્ર ની નિષ્ક્રિયતા લોકોમાં અનેક સવાલો ઉભા કરે છે. જિલ્લાઓમાં નકલી દુધ ઠલવાઈ રહ્યુ હોય અને તેનો ખુલ્લેઆમ વેચાણ થતુ હોય તો તે આરોગ્ય માટે ઘાતક અને અત્યંત દુઃખદ બાબત છે. ભાજપના નેતાઓ પણ આ મુદ્દે મૌન સેવી રહ્યા હોવાનુ જણાવતા કોંગ્રેસ આગેવાનોએ સવાલ ઉઠાવ્યો હતો કે શું આ મુદ્દે રાજકીય દબાણ હેઠળ સત્ય દબાવાઈ રહ્યુ છે ? કોંગ્રેસ દ્વારા આ સમગ્ર પ્રકરણની નિષ્પક્ષ અને ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરવાની તેમજ દોષીતો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવાની તેમજ નકલી દુધના કારોબાર ને તાત્કાલીક બંધ કરાવવાની જોરદાર માંગ કરવામાં આવી હતી.

આ પ્રેસ કોન્ફરન્સ માં પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરે જણાવ્યુ હતુ કે નકલી દુધનો કારોબાર બંધ થવો જોઈએ અને દોષીતો સામે પગલા ભરવા જોઈએ. ભાજપની સરકારે પગલા લેવા આગળ આવવુ જોઈએ. આ પ્રસંગે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સહિત ના નેતાઓ હાજર રહ્યા હતા. અંતમાં કોંગ્રેસ આગેવાનોએ જણાવ્યુ હતુ કે જો તંત્ર સમયસર પગલા નહી ભરે તો જિલ્લા કક્ષાએ જનઆંદોલન અને ઉગ્ર કાર્યક્રમો હાથ ધરવામાં આવશે.

### મોદીના આગમન ટાંણે જ પાટણ ભાજપમાં ભુકંપ સર્જાયો : પાટણ વોર્ડના કોર્પોરેટર નરેશ દવેએ ભાજપમાંથી આપ્યુ રાજીનામુ

પ્રતિનિધિ,ગાંધીનગર



વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતે છે ત્યારે પાટણ શહેરના નગરપાલિકાના વોર્ડ નં.૯ ના કોર્પોરેટર નરેશ દવે એ ભારતીય જનતા પાર્ટીમાંથી રાજીનામુ ધરી દેતા પાટણ ભાજપમાં ભુકંપ સર્જાયો છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક દિવસોથી સત્તાધારી પક્ષ ભાજપના સદસ્યો અને નગરપાલિકા ચીફ ઓફીસર વિરૂધ્ધ વિવાદો ચાલતા હતા. આ વિવાદોને લઈ કોર્પોરેટરે રાજીનામુ આપ્યુ હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે.

પાટણ નગરપાલિકાના વોર્ડ નં. ૯ ના કોર્પોરેટર નરેશ દવે એ ભારતીય જનતા પાર્ટીમાંથી રાજીનામુ આપ્યુ છે. તેમણે વિસ્તાર ના વિકાસ કાર્યોમાં અવગણના અને નગરપાલિકાના ચીફ ઓફીસર દ્વારા કરવામાં આવેલી અંગત ટીપ્પણીઓને રાજીનામાનુ મુખ્ય કારણ ગણાવ્યુ છે. છેલ્લા ૩૦ વરસથી જાહેર જીવનમાં સક્રિય હોવા છતાં તેમને પોતાને બદનામ કરવાનો પ્રયાસ થતો હોવાનુ પણ તેમણે આક્ષેપ કર્યો છે. નરેશ દવે ૨૦૨૧ માં અપક્ષ ઉમેદવાર તરીકે ચુંટાયા હતા, ત્યારબાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કાર્યશૈલી થી પ્રેરાઈ તેઓ કોઈ શરત વિના ભાજપમાં જોડાયા હતા. જો કે પક્ષમાં જોડાયા પછી પણ તેમના વિસ્તારના પ્રશ્નો ઉકેલાયા ન હોવાનો પણ તેમણે દાવો કર્યો છે.

તેમણે મોતીશા વિસ્તારમાં પેવર બ્લોક, દેવી પુજક સમાજના આઠબાઈ માતાના મંદિર રોડ નુ કામ અને માખણીયા તળાવના પાણીના પ્રશ્ને નગરપાલિકા ભેદભાવ રાખતી હોવાનો આરોપ લગાવ્યો છે. વિકાસ કાર્યોમાં સતત અવગણના થતી હોવાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો છે.

રાજીનામા ના મુખ્ય કારણ તરીકે તેમણે ચીફ ઓફીસરના વલણને જવાબદાર ઠેરવ્યુ છે. લારી ગલ્લાની હરાજી મુદ્દે તેમની ડોકટર તરીકેની વ્યવસાયીક પ્રતિષ્ઠાને લઈને વાંધાજનક ટીપ્પણીઓ કરવામાં આવી હોવાનો તેમણે આક્ષેપ કર્યો છે.

આ બાબતે જિલ્લા ભાજપ પ્રમુખને જાણ કરાઈ હોવા છતાં કોઈ કાર્યવાહી ન થતા તેમણે અંતે રાજીનામુ આપવાનો નિર્ણય લીધો છે. ચીફ ઓફીસર હિરલ ઠાકરે આ આક્ષેપોને નકારી કાઢયા છે. હીરલ ઠાકરે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે ડો.નરેશ દવે એ આનંદ સરોવર પાસેની ટ્રાફીક વ્યવસ્થા અંગે સોશીયલ મીડીયામાં ખોટા આક્ષેપો કર્યા હતા. ફેરીયાઓને સરકારની યોજનાઓ અંગે માહિતી આપવી સિવાય કોઈ વ્યકિતગત ટીપ્પણી કરવામાં આવી નથી. અને રાજીનામુ આપવા દર્શાવાયેલા કારણો યોગ્ય નથી.

### ભાવનગર મંડળ રેલવે હોસ્પિટલમાં અધિકારીઓ માટે વિશેષ આરોગ્ય તપાસ શિબિરનું સફળ આયોજન



પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ સ્થિત મંડળ રેલવે હોસ્પિટલ **(DRH)**, ભાવનગર દ્વારા તારીખ ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ (શનિવાર)ના રોજ હોસ્પિટલ પરિસરમાં મંડળના અધિકારીઓ માટે વિશેષ આરોગ્ય તપાસ શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરનો મુખ્ય હેતુ અધિકારીઓમાં નિવારક આરોગ્ય સંભાળને પ્રોત્સાહન આપવો, જીવનશૈલી સંબંધિત રોગોની સમયસર ઓળખ કરવી તેમજ નિયમિત તબીબી સલાહ દ્વારા તેમના સર્વાંગી આરોગ્ય અને કાર્યક્ષમતાને મજબૂત બનાવવાનો હતો. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા મુજબ આજની વ્યસ્ત અને તણાવસભર જીવનશૈલી, અનિયમિત દૈનિક ક્રમ તેમજ કાર્યસ્થળના દબાણને કારણે ઉચ્ચ રક્તચાપ, ડાયાબિટીસ, હૃદયરોગ અને સ્થૂલતા જેવી જીવનશૈલી સંબંધિત બીમારીઓનું જોખમ સતત વધી રહ્યું છે. આવી પરિસ્થિતિમાં આ પ્રકારની આરોગ્ય તપાસ શિબિરો સંભવિત રોગોની પ્રાથમિક ઓળખ તથા સમયસર સારવાર સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. શિબિર દરમિયાન અપર મંડળ રેલ પ્રબંધક શ્રી ઋત્વિક શર્મા સહિત અન્ય અધિકારીઓને વિવિધ આરોગ્ય સેવાઓ આપવામાં આવી હતી, જેમાં બ્લડ પ્રેશર (બીપી) તપાસ, આવશ્યક બ્લડ ટેસ્ટ, **BMI** અને વજનનું મૂલ્યાંકન, સામાન્ય તબીબી પરામર્શ તેમજ નિવારક આરોગ્ય અને સ્વસ્થ જીવનશૈલી અંગે માર્ગદર્શનનો સમાવેશ કરવામાં આવ્યો હતો. અધિકારીઓએ ઉત્સાહપૂર્વક શિબિરમાં ભાગ લીધો અને મેડિકલ વિભાગની આ પ્રશંસનીય પહેલની સરાહના કરી.

શિબિરનું સંચાલન મંડળ રેલવે હોસ્પિટલ, ભાવનગરના મંડળ તબીબી અધિકારી તથા એમ.ડી. ફિઝિશિયન ડૉ. પ્રતીક વોરાના તબીબી માર્ગદર્શન હેઠળ તેમની સમર્પિત તબીબી ટીમ દ્વારા સુવ્યવસ્થિત અને કાર્યક્ષમતાપૂર્વક કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ મુખ્ય તબીબી અધિક્ષક ડૉ. મનોજ કુમારના સર્વાંગી માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવ્યો હતો, જેમના નેતૃત્વ અને સહકારથી શિબિરનું સફળ અમલીકરણ શક્ય બન્યું હતું. સાથે જ એ.એન.ઓ., ભાવનગર દ્વારા સમગ્ર કાર્યક્રમનું અસરકારક સંકલન અને વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવામાં આવ્યું હતું. ભાવનગર મંડળ રેલવે હોસ્પિટલ પ્રશાસને ભવિષ્યમાં પણ આ પ્રકારના આરોગ્ય જાગૃતિ અને નિવારક તબીબી કાર્યક્રમોનું આયોજન ચાલુ રાખવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે, જેથી અધિકારીઓ અને કર્મચારીઓના આરોગ્ય અને કલ્યાણને સતત પ્રોત્સાહન મળી શકે.

### સમાજનું નેતૃત્વ સ્વીકારતા પહેલાં સમાજનો વિશ્વાસ સંપાદન કરો

# મજબૂત સામાજિક સંગઠન વિના સમાજ પ્રગતિ ન કરી શકે - ચંદ્રવદનભાઈ પીઠાવાલા

### સમાજના જરૂરિયાત લોકોને રાશન કાર્ડ, આધાર કાર્ડ, જાતિ ના દાખલાઓ શિક્ષણ સહેલાઈથી મળી રહે તે માટેના પ્રયાસ કરવા જોઈએ





(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સમસ્ત કોળી સમાજ ના લોકપ્રિય પીઢ ગાંધીવાદી આગેવાન માનનીય ચંદ્રવદનભાઈ પીઠાવાલા સાહેબ ની સુરત ખાતેની ઓફિસે વાલ્મિકી સમાજ ના આગેવાનો શ્યામભાઈ ટેનિયા મહામંત્રી, રવિકુમાર સુરતી મહામંત્રી અને ગાયક કલાકાર , મનીષભાઈ રજવાડી સંગીત કલાકાર, અશ્વિન બી. વૈષ્ણવ એડવોકેટ નોટરી, ચી વંશ ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગ્રેસ અને સમાજ ના ગુજરાત ના પ્રમુખ ભાઈલાલ બી. વૈષ્ણવે તા.૨૮/૦૨/૨૦૨૬ ના રોજ શુભેચ્છા મુલાકાત લીધી. અને સમાજ ની પ્રગતિ માટે માર્ગદર્શન મેળવ્યું. પીઠાવાલા સાહેબે કોઈ પણ સમાજ ની પ્રગતિ માટે સમાજ ની એકતા અને મજબૂત સંગઠન જરૂરી હોવાનું જણાવ્યું. સમાજ માં રાજકારણ નહીં લાવવું જોઈએ.રાજકારણમાં સમાજ હોય શકે પરંતુ સમાજમાં રાજકારણ નહીં લાવવું જોઈએ. સમાજમાં શિક્ષણ નું સ્તર ઊંચું આવે અને સમાજ આર્થિક રીતે સધ્ધર થાય તેવા પ્રયાસ કરવા જોઈએ. સમાજ ના જરૂરિયાત લોકોને રાશન કાર્ડ, આધાર કાર્ડ, જાતિ ના દાખલાઓ શિક્ષણ સહેલાઈ થી મળી રહે તે માટેના પ્રયાસ કરવા જોઈએ. સમાજ માં સારી પ્રતિષ્ઠા અને સમાજ નો વિશ્વાસ ધરાવતા લોકોએ સમાજ નું નેતૃત્વ સ્વીકારવું જોઈએ. વાલ્મિકી સમાજ ના ઉત્થાન ની સલાહ સૂચન થી આગેવાનો ખૂબ પ્રભાવિત થયા હતાં સમાજ ના આગેવાનોએ પુષ્પગુચ્છથી પીઠાવાલા સાહેબ પ્રત્યે આભાર ની લાગણી વ્યક્ત કરી હતી.

### ફરી સાબિત થયું કે કેજરીવાલજી કટ્ટર ઈમાનદાર છેઃ ધારાસભ્ય હેમંત ખવા

# કેજરીવાલજી નિર્દોષ જાહેર થતા જામનગરમાં ઉજવણી

### AAP ધારાસભ્ય હેમંત ખવા, સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા અને ખેડૂત નેતા પ્રવીણ રામ સહિત પદાધિકારીઓ અને કાર્યકર્તાઓએ ફટાકડા ફોડી અને મોં મીઠુ કરાવીને ઉજવણી કરી



અમદાવાદ/જામનગર

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલજી અને દિલ્હીના પૂર્વ ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયાજી પર કરવામાં આવેલા ખોટા કેસ મુદ્દે ગઈકાલે કોર્ટે પોતાનો નિર્ણય જાહેર કર્યો અને તમામ લોકોને નિર્દોષ જાહેર કર્યા. ત્યારબાદ સમગ્ર ગુજરાતની સાથે સમગ્ર દેશમાં ખુશીનો માહોલ છે અને આજે આમ આદમી પાર્ટી દ્વારા જામનગરમાં આમ આદમી પાર્ટીના જામજોધપુરના ધારાસભ્ય હેમંત ખવા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા અને ફંટલ સંગઠન પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામ સહિત મોટી સંખ્યામાં પદાધિકારીઓ અને કાર્યકર્તાઓએ ઉજવણી કરી હતી.

આ દરમિયાન જામજોધપુરના ધારાસભ્ય હેમંત ખવાએ મીડિયા સમક્ષ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, અરવિંદ કેજરીવાલજી પર ભારતીય જનતા પાર્ટીની એજન્સીઓ દ્વારા ખોટા કેસ કરવામાં આવ્યા હતા અને ગઈકાલે દિલ્હીની કોર્ટે અરવિંદ કેજરીવાલજી સહિત તમામને નિર્દોષ જાહેર કર્યા.

આ નિર્ણય બાદ સમગ્ર દેશમાં ખુશીનો માહોલ છે. આ નિર્ણય બાદ સાબિત થઈ ગયું કે અરવિંદ કેજરીવાલજી કટ્ટર ઈમાનદાર નેતા હતા, કટ્ટર ઈમાનદાર નેતા છે અને હંમેશા કટ્ટર ઈમાનદાર નેતા રહેશે. તો જ્યારે કેજરીવાલજીને નિર્દોષ જાહેર કર્યા છે ત્યારે આજે જામનગરમાં આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ અને પ્રદેશના નેતાઓ દ્વારા લાલ બંગલા સર્કલ ખાતે ફટાકડા ફોડી અને એકબીજાને મીઠાઈ ખવડાવીને ઉજવણી કરવામાં આવી છે.

# રાજકીય લડાઈઓમા ED,CBI, IT જેવી તપાસ એજન્સીઓનો હથિયાર તરીકે ઉપયોગ ન કરવો જોઈએ :- સુપ્રીમ કોર્ટે આપી ચેતવણી

### રાજકીય લડાઈઓ મતદારોની સામે લડોને? શા માટે તપાસ કરનારી સરકારી એજન્સીઓને હાથો બનાવો છો? ED, CBI ની કામગીરીથી સુપ્રીમ નારાજ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સરકારની તપાસ એજન્સીઓમાની એક એજન્સી એટલે કે CBI, ED પાસે મની લોન્ડરીંગ જેવા આર્થિક ગુનાઓની તપાસ કરવાની સત્તા છે. એવા સરકારના અમુક ખાતઓ કે તપાસ એજન્સીઓએ સરકાર જ નહીં પરંતુ દેશ કે રાજય માટે પ્રતિષ્ઠા સમાન હોય છે. જેમ કે સીબીઆઈ, ED કે ચૂંટણી પંચ વગેરે જેવા સંસ્થાઓનો ભૂતકાળમાં એક અલગ રુઆબ હતો. એક વિશિષ્ટ પ્રતિષ્ઠા હતી. પરંતુ હવે આવી સંસ્થાઓ જે રીતે પક્ષપાતી વલણ અપનાવીને સરકારના ઈશારે કામ કરી રહી છે તેનાથી આવી સંસ્થાઓની આબરૂ ના પ્રજામાં ધજાગરા ઉડવા સાથે ધૂળધાણી થઈ ગઈ છે. અહીં નોંધવું જરૂરી છે કે એક કેસની સુનાવણી દરમ્યાન મદ્રાસ હાઈકોર્ટે કડક ટિપ્પણી કરી હતી કે ઈડ્ઢ કોઈ ''ડ્રોન'' નથી જે ગુનાહિત પ્રવૃત્તિ શોધી કાઢતાંની સાથે જ હુમલો કરી દે છે. અદાલતે એમ પણ કહ્યું હતું કે તપાસ એજન્સી એક અત્યંત કાર્યક્ષમ પોલીસ અધિકારી (સુપર કોપ) જેવી પણ નથી કે તેના ધ્યાનમાં આવતી દરેક વસ્તુની તપાસ કરે છે. દરેક તપાસ એજન્સીની કામગીરીમાં કેટલીક ખામીઓ હોય છે. પરંતુ જ્યારે તેની સામે ઘણા બધા પ્રશ્નો ઊભા થવા લાગે છે ત્યારે તે પ્રતિષ્ઠા પર ડાઘ લાગવા સમાન છે. અત્રે ઉલ્લેખનિય છે કે, કર્ણાટકના મુખ્યમંત્રી સિધ્ધારમૈયાની પત્ની સાથે સંબંધિત પ્લોટ ફાળવણી કેસમાં સુપ્રીમ કોર્ટે ચેતવણી આપી છે કે રાજકીય લડાઈઓ મતદારોની સાથે લડવી જોઈએ. આમાં ED જેવી તપાસ એજન્સીઓનો હથિયાર તરીકે ઉપયોગ ન કરવો જોઈએ. સ્વાભાવિક છે કે , સતત ઊભા થઈ રહેલા સવાલો વચ્ચે ED એ તેના કાર્યમાં પારદર્શિતા અને નિષ્પક્ષતાના ધોરણો સુનિશ્ચિત કરીને રાજકીય દબાણથી મુકત થઈને કામ કરવું જોઈએ. જેથી તેની વિશ્વસનીયતા ખરડાય નહીં. પરંતુ સૌથી મોટો સવાલ એ છે કે શું ઈડી(ED) રાજકીય દબાણથી મુકત થઈ ને કામ કરવાની હિંમત બતાવશે ખરી? આથી એ સાબિત થાય છે કે દેશમાં વિપક્ષોનો અવાજ દબાવવા સરકારની તપાસ એજન્સીઓના થઈ રહેલા દૂરુપયોગની વિપક્ષોની કાગારોળ સાચી છે. અને એનો તાજો દાખલો છે કેજરીવાલ અને મનોજ સિસોડિયાના કેસમાં આવેલો ચુકાદો.

# આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાની અનિયમિત હાજરીને લઈ વિભાગની કામગીરી ખોરંભે પડી

### અધિક મુખ્ય સચિવ દ્વારા કેટલાક નિતી વિષયક નિર્ણયો ન લેવાતા પ્રજામાં કચવાટ



પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયા પેઈન દુખાવાને લઈ લાંબી રજા ઉપર રહ્યા બાદ વિધાનસભા સત્ર ચાલુ થતા વિધાનસભામાં મંત્રી પ્રફુલ પાનસેરીયા પ્રશ્નોત્તરીકાળ દરમિયાન જોવા મળ્યા હતા.

પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયા તેમની ફાળવેલ વિધાનસભા ઓફીસમાં અનિયમિત હાજર રહેતા વિભાગની કામગીરી ખોરંભે પડી છે. તો બીજી તરફ આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયા અને અધિક મુખ્ય સચિવ પાસે પુરતી જાણકારી ના અભાવે કેટલાક નીતિ વિષયક નિર્ણયો લેવામાં ન આવતા પ્રજામાં કચવાટ ઉભો થવા પામ્યો છે. તો બીજી તરફ નેશનલ હેલ્થ મિશન (એનએચએમ) અંતર્ગત રાજયની જિલ્લા પંચાયતોમાં ખાલી પડેલ આઉટ સોર્સિંગ જગ્યાઓની ભરતી માટે ની પ્રક્રિયા છેલ્લા કેટલાક મહિનાઓથી ખોરંભે પડી છે. આરોગ્ય વિભાગની કેટલીક ખાલી જગ્યાઓ ભરવી જરૂરી હોય તેમ છતા વિભાગ દ્વારા નિર્ણય લેવામાં ન આવતા અસમંજસ ઉભી થઈ જવા પામી છે.

આરોગ્ય વિભાગના સુત્રો એવુ પણ કહી રહ્યા છે કે શહેરી અને ગ્રામ્ય કમિશ્નરની જગ્યા મર્જ કરી એક જગ્યા ઉભી કરવાની પણ વિભાગ દ્વારા તૈયારીઓ ચાલી રહી છે. તો બીજી તરફ ગુજરાત ઈન્ડીયન મેડીકલ રીસર્ચ સોસાયટી (જીએમઈઆરએસ) માં સીઈઓ (ચીફ એકઝીકયુટીવ ઓફીસર ) ની પોસ્ટ રદ કરી આ જગ્યા સરકારના હવાલે લઈ આઈએએસ અધિકારીની નિમણુંક કરવાની હીલચાલ ચાલી રહી હોવાનુ પણ સુત્રો જણાવી રહ્યા છે. જે હોય તે પરંતુ આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાની હાજરી અનિયમિત હોવાને કારણે કેટલાક નિર્ણયો લેવાઈ શકાતા નથી. ટુંકમાં મંત્રી પ્રફુલ પાનસેરીયા નિયમિત હાજર થતા જ આરોગ્ય વિભાગમાં મોટી ઉથલ પાથલ થાય તેવી વાતને નકારી શકાય તેમ નથી.

# સેટેલાઈટમાં NRI દંપતીને ૩૬ કલાક ડિજિટલ એરેસ્ટ કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં ડિજિટલ અરેસ્ટના નામે છેતરપિંડીનો ગ્રાફ સતત વધી રહ્યો છે. પરંતુ આ વખતે સેટેલાઈટ પોલીસે સમયસૂચકતા વાપરીને એક વૃદ્ધ NRI દંપતીને બરબાદ થતા બચાવી લીધા છે. મુંબઈ પોલીસના નામે વીડિયો કોલ કરીને ૩૬ કલાક સુધી દંપતીને ઘરમાં જ કેદ રાખનારા સાયબર માફિયાઓના મનસૂબા પર પોલીસે પાણી ફેરવી દીધું છે. વૃદ્ધ NRI નું નામ રાજેન્દ્ર શેઠ છે. રાજેન્દ્રભાઈ છેલ્લા ૨૦ વર્ષથી અમેરિકામાં રહે છે અને હાલ બીમારીના કારણે અમદાવાદમાં સ્થાયી થયા છે. ગત ૨૫ ફેબ્રુઆરીએ સવારે રાજેન્દ્રભાઈ પર મુંબઈ પોલીસના નામે એક વીડિયો કોલ આવ્યો. સામે છેડે બેઠેલા શખ્સે ધમકાવતા કહ્યું કે, જેલવાસ ભોગવી રહેલા નરેશ ગોયલના મની લોન્ડ્રિંગ કેસમાં તમારા આધાર કાર્ડનો ઉપયોગ થયો છે. બસ, આ સાંભળતા જ દંપતી ફફડી ઉઠ્યું. અલગ-અલગ અધિકારી બનીને ગઠિયાઓએ રાજેન્દ્રભાઈને સતત ૩૬ કલાક સુધી ડિજિટલ અરેસ્ટ રાખ્યા. જોકે, રાજેન્દ્રભાઈને શંકા જતા તેમણે પોતાના વકીલ મિત્રને જાણ કરી અને મામલો સેટેલાઈટ પોલીસ સુધી પહોંચ્યો હતો. સાયબર ગઠિયાઓ એટલા શાતિર હતા કે તેમણે રાજેન્દ્રભાઈને કોઈની પણ સાથે વાત કરવા ન દીધી. રાતભર ફોન ચાલુ રખાવ્યો અને પ્રોપર્ટીની તમામ માહિતી મેળવી લીધી. ગઠિયાઓએ રાજેન્દ્રભાઈ પાસે રહેલી ફ્ડ્ઢ તોડાવી ૧૫ લાખ રૂપિયા સેવિંગ ખાતામાં નંખાવ્યા હતા. ચોંકાવનારી વાત તો એ છે કે જ્યારે રાજેન્દ્રભાઈ બેંકમાં ગયા ત્યારે પણ ગઠિયાઓએ ફોન ચાલુ રખાવ્યો હતો. પરંતુ સેટેલાઈટ પોલીસને જાણ થતા જ પોલીસની ટીમ તાત્કાલિક દંપતીના ઘરે પહોંચી અને ડિજિટલ એરેસ્ટમાંથી મુક્ત કરાવી ૧૫ લાખ રૂપિયા બચાવી લીધા હતા. પોલીસ તપાસમાં સામે આવ્યું કે આરોપીઓ રાજેન્દ્રભાઈ પાસે રહેલી ૬૦ લાખની તમામ એફડી તોડાવવા માંગતા હતા, પરંતુ રાજેન્દ્રભાઈએ ના પાડતા અંતે ૧૫ લાખની એફડી તોડાવી હતી. આ કિસ્સો તમામ લોકો માટે લાલબત્તી સમાન છે. પોલીસ સ્પષ્ટપણે જણાવી રહી છે કે ડિજિટલ અરેસ્ટ જેવી કોઈ કાયદાકીય પ્રક્રિયા હોતી નથી.

